સંદેશ તા-૨૦/૮/૮૯

## સુરત મહાનગરપાલિકા

### નગર રચના યોજના સુરત નં. ૧૮ (કતારગામ)

# જાહેર સુચના

આથી જાહેર જનતાને જણાવવાનું કે, સુરત મહાનગરપાલિકાએ, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૪૧ (૧) અન્વયે નગર રચના યોજના સુરત નં. ૧૮ (કતારગામ)ને તૈયાર કરવાનો ઈરાદો નગર નિયોજન અને શહેર સુધારણા સમિતિના તા. ૧૨/૧/૮૯ના ઠરાવ નં. ૩૨ થી મંજુર કરેલો છે. જે સરકારશ્રીના તા. ૨૬/૧/૮૯ના સાધારણ રાજયપત્ર, ભાગ- ૨ના પાના નં. ૫૮ ઉપર પ્રસિધ્ધ થયેલ છે.

આથી સદર યોજનાના વિસ્તારમાં સમાવિષ્ટ થતી જમીનના માલિકો તથા હકક/ હિત ધરાવતી વ્યકિતઓની ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો, ૧૯૭૯ ના નિયમ- ૧૭ હેઠળની જોગવાઇ મુજબ એક સભા સુરત મહાનગરપાલિકાના "ગાંધીખંડ" માં નીચે જણાવેલ તારીખ અને સમયે રાખવામાં આવી છે. જેમાં યોજનાની સઘળી દરખાસ્તો અંગે સમજુતી આપવામાં આવશે તેમજ માલિકો તથા હકક/ હિત ધરાવતી વ્યકિતઓ મારફત આ દરખાસ્ત અંગે જે તે સુચનો કે વાંધાઓ રજુ કરવામાં આવશે તે પણ ધ્યાને લેવામાં આવશે. આ સભામાં હાજર રહેવા માટે હકક/ હિત ધરાવતી વ્યકિતઓને કે જેઓના સરનામાની જાણકારી સુરત મહાનગરપાલિકાને છે. તેઓને વ્યકિતગત નોટીસ આપવામાં આવી છે. છતાં આ જાહેર સુચનાથી સદર નગર રચના યોજના નં. ૧૮ (કતારગામ) માં સમાવેશ થયેલ જમીનોના માલિકોને તથા હકક/ હિત ધરાવતી વ્યકિતઓને નીચે જણાવેલ તારીખ અને સમયે સુરત મહાનગરપાલિકાના "ગાંધીખંડ" માં હાજર રહેવા વિનંતી.

તારીખ : ૨૯/૮/૮૯
સમય : સવારે ૧૦-૦૦ કલાકે

ડાયરેકટર ઓફ પ્લાનીંગ
સુરત મહાનગરપાલિકા

નં.પી.આર.ઓ./ ૧૬૭/૮૯-૯૦
સુરત મહાનગરપાલિકા કચેરી.
સુરત. તા. ૧૮/૮/૮૯

નં. પીઆરઓ/૧૬૪/૮૯-૯૦
તા. ૧૮-૮-૮૯
ગુજરાત સમાચાર

# સુરત મહાનગરપાલિકા

## નગર રચના યોજના સુરત નં. ૧૮ (કતારગામ)

# જાહેર સુચના

આથી જાહેર જનતાને જણાવવાનું કે, સુરત મહાનગરપાલિકાએ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ- ૪૧ (૧) અન્વયે નગર રચના યોજના સુરત નં. ૧૮ (કતારગામ)ને તૈયાર કરવાનો ઇરાદો નગર નિયોજન અને શહેર સુધારણા સમિતિના તા. ૧૨-૧-૮૯ના ઠરાવ નં. ૩૨થી મંજુર કરેલો છે. જે સરકારશ્રીના તા. ૨૬-૧-૮૯ના અસાધારણ રાજ્યપત્ર, ભાગ-૨ના પાના નં. ૫૮ ઉપર પ્રસિદ્ધ થયેલ છે.

આથી સદર યોજનાના વિસ્તારમાં સમાવિષ્ટ થતી જમીનના માલિકો તથા હક્ક/હિત ધરાવતી વ્યકિતઓની ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો ૧૯૭૯ના નિયમ-૧૭ હેઠળની જોગવાઇ મુજબ એક સભા સુરત મહાનગરપાલિકાના "ગાંધીખંડ"માં નીચે જણાવેલ તારીખ અને સમયે રાખવામાં આવી છે. જેમાં યોજનાની સઘળી દરખાસ્તો અંગે સમજુતી આપવામાં આવશે. તેમજ માલિકો તથા હક્ક/હિત ધરાવતી વ્યકિતઓ મારફત આ દરખાસ્ત અંગે જે તે સુચનો કે વાંધાઓ રજુ કરવામાં આવશે તે પણ ધ્યાને લેવામાં આવશે. આ સભામાં હાજર રહેવા માટે હક્ક/હિત ધરાવતી દરેક વ્યકિતઓને કે જેઓના સરનામાની જાણકારી સુરત મહાનગરપાલિકાને છે. તેઓને વ્યકિતગત નોટીસ આપવામાં આવી છે. છતાં આ જાહેર સુચનાથી સદર નગર રચના યોજના નં. ૧૮ (કતારગામ)માં સમાવેશ થયેલ જમીનોના માલિકોને તથા હક્ક/હિત ધરાવતી વ્યકિતઓને નીચે જણાવેલ તારીખ અને સમયે સુરત મહાનગરપાલિકાના "ગાંધીખંડ"માં હાજર રહેવા વિનંતી.

તારીખ: ૨૯-૮-૮૯
સમય: સવારે ૧૦-૦૦ કલાકે

નં. પીઆરઓ/૧૬૭/૮૯-૯૦
સુરત મહાનગરપાલિકા કચેરી,
સુરત. તા. ૧૮-૮-૮૯

ડાયરેક્ટર ઓફ પ્લાનીંગ
સુરત મહાનગરપાલિકા